# આર્થિક, રાજકીય વ્યવસ્થા અને સાંસ્કૃતિક સંકટનો લોહીઝાણ વાસ્તવઃ બોડોલેન્ડ

**(ભાગ -1)**

છેલ્લાં લગભગ ત્રણ મહિનાથી આસામમાં સાંપ્રદાયિકતા અને ગેરકાયદે ભારતમાં ઘૂસી આવેલા બાંગ્લાદેશીઓના નામે હિંસા, આતંક અને ભયનો જે માહોલ સર્જાયો છે, એ ભારતના સંઘીય રાષ્ટ્રરાજ્ય માટે એક અત્યંત ગંભીર પડકાર છે. 1980 પછી આ પડકાર વધુ મુખર, ઉગ્ર અને આતંકી બની રહ્યો છે. અલબત્ત, ભારતીય બંધારણમાં સ્વીકૃત રાષ્ટ્રરાજ્યની વ્યાખ્યા અને સંઘીય સ્વરૂપ વિશેની સમજ અલગથી વ્યાપક ચર્ચા-વિચારણા માંગે છે; પરંતુ સ્વતંત્રતા પછી તરત જ કાશ્મીર અને ઉત્તર-પૂર્વમાં શરૂ થયેલ આંદોલનો, સંઘર્ષો એનાં જ્વાળામુખી સમા ઉદાહરણો છે. વળી એ બંને પ્રદેશોના સંઘર્ષોના મૂળમાં રહેલા સ્વતંત્ર રાષ્ટ્રરાજ્ય માટેના કારણો તેમજ ભારતીય રાષ્ટ્ર દ્વારા એ બંને રાજ્યો સાથે આચરાઇ રહેલ 'બીગ બ્રધર' તરીકેના વલણો દેખીતી રીતે સમાન હોવા છતાં, ઐતિહાસિક કારણોસર એમાં નોંધપાત્ર તફાવતો છે. વિડંબના એ છે કે, ભારતના શાસક વર્ગે આ બંને રાજ્યોના આંદોલનો સાથે રાષ્ટ્રરાજ્ય અને સંઘીય સ્વરૂપ વિશેનાં મૂળભૂત સવાલો ચર્ચ્યાં જ નથી. એ ચર્ચા વિશેની રાજકીય ઇચ્છાશક્તિ ભારતના શાસક વર્ગ પાસે તો નથી જ, પરંતુ ભારતના મુખ્યધારાના નાગરિક સમાજમાં પણ નથી. પરિણામે આ બંને રાજ્યોની જનતાની ભાવનાઓને લશ્કર દ્વારા કચડી નાંખવાનું શાસક વર્ગ માટે આસાન અને જનસ્વીકૃત બની ગયું છે. શાસક વર્ગના આ બળપ્રયોગ અને કુટિલતાના કારણે સ્વતંત્રતા માટેનાં આંદોલનો પાસે પોતાનો કોઇ નક્કર વર્ગીય આધાર ન હોવાનાં લીધે તે માત્ર રાજકીય-સાંસ્કૃતિક આંદોલનો બનીને મૂડીના વૈશ્વીકરણના વર્તમાન દાયકાઓમાં પોતાનું લક્ષ્ય અને દિશા બંને ગુમાવી ચૂક્યા છે. શાસક વર્ગની હિંસા અને આતંકના આયનારૂપ પ્રત્યાઘાતો આપતાં આપતાં તેઓ પણ હિંસા અને આતંકને જ પોતાનું અંતિમ લક્ષ્ય બનાવી રહ્યાં હોય એમ લાગે છે. અને આ બંને પક્ષોની હિંસા અને આતંકનો ભોગ બની રહ્યો છે, બંને રાજ્યોનો ગરીબ અને શ્રમજીવી વર્ગ.

લોઅર આસામ(પશ્ચિમ આસામ)ના 'બોડો લેન્ડ' તરીકે ઓળખાતાં, બોડો જાતિની સ્વાયત્ત સત્તા હેઠળ આવેલાં ચાર જિલ્લાઓમાં સળગી રહેલો વર્તમાન ઘટનાક્રમ આ જ વાસ્તવની એક કડી છે. હિંસા અને આતંકની શરૂઆતના ત્રણ મહિના પછી, આજે પણ ત્યાં હિંસા સંપૂર્ણપણે કાબૂમાં નથી આવીઃ આતંકનો ઓથાર વધુ ભયાવહ બની રહ્યો છે. જેમાં અઢી લાખથી વધુ મુસ્લીમો છે અને એંશી હજારથી વધુ બોડો તથા અન્ય આદિજાતિ સમુદાયના અસરગ્રસ્તો છે. આદિજાતિ ગણાતા બોડો અસરગ્રસ્તોમાં ખ્રિસ્તી બોડો સમુદાયના પીડિતો પણ સામેલ છે. ભારતના અને સ્થાનિક 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદી' પરિબળોના પ્રભાવને કારણે, આસામના નાગરિક સમાજમાં વર્તમાન ઘટનાક્રમ પ્રત્યે તીવ્ર આક્રોશ હોવા છતાં, તે જાતિગત, ધર્મગત ટુકડાઓમાં વિભાજીત અને લાચાર છે.

શાસક વર્ગ દ્વારા ઉપેક્ષિત આસામ સહિતના ઉત્તર-પૂર્વનાં સાત રાજ્યો વિશે ભારતના અન્ય રાજ્યોના આમનાગરિકની સમજ પુરાણાકથાઓ અને દંતકથાઓ પૂરતી સીમિત છે. જ્યારે ભારતનો મુખ્યધારાનો નાગરિક સમાજ શાસક વર્ગના પ્રચાર-પ્રસાર તેમજ સમાચાર અને સંચાર માધ્યમો દ્વારા દોરવાઇને આ ઘટનાક્રમને બાંગ્લાદેશી ઘૂસણખોરો દ્વારા આચરાઇ રહેલી હિંસા અને રાજનીતિ, માની રહ્યો છે. દૂર બેઠાં બેઠાં જ એ શાસક વર્ગના આગનખેલને 'માની લીધેલા દુશ્મન'ના ખાતે ખતવીને એ ભારતના શાસક વર્ગની રાજનીતિ તેમજ સંસ્કૃતિના હાથ મજબૂત કરી રહ્યો છે.

લોઅર આસામના ચાર બી.ટી.એ.ડી(બોડો ટેરિટોરિયલ ઓટોનોમસ ડીસ્ટ્રીક્ટ્સ) જિલ્લાઓંમાં 'ઘૂસણખોર બાંગ્લાદેશીઓ'ની ઉપસ્થિતી વિશે, વર્તમાન ઘટનાક્રમના આરંભ પછી પ્રકાશમાં આવેલા કેટલાંક અભ્યાસુઓ, બુધ્ધિજીવીઓ, કર્મશીલોના મંતવ્યો જોઇએ તોઃ

- ૩૧ ઓગસ્ટ, 2012ના 'ડાઉન ટુ અર્થ' ના એક લેખ 'લેન્ડ ઓફ ડિસ્કોર્ડ (વૈમન્સ્યની ભૂમિ)માં શ્રી અરનબ પ્રતિમ દત્તા નોંધે છે કે, ગુવાહાટી યુનિવર્સિટીના 'પીસ અને કોન્ફલીક્ટ સ્ટડીઝ'ના પ્રાધ્યાપક શ્રી અખિલ રંજન દત્તા બોડોલેન્ડમાં બાંગ્લાદેશી ઘૂસણખોરીની વાતને સત્યથી વેગળી ગણાવતાં લખે છેઃ ''ઘૂસણખોરી એ વાસ્તવિકતા કરતાં માની લીધેલો ભય વધુ છે. ત્યાં (બાંગ્લાદેશમાંથી) ગેરકાનૂની રીતે આવીને વસનારાંના થોડાંઘણાં કિસ્સા હોઇ શકે, પરંતુ એનાથી બી.ટી.એ.ડી.ના જનસંખ્યા આધારિત વાસ્તવમાં ખાસ કોઇ ફરક પડતો નથી.''
- 28 ઓગસ્ટ,2012ના 'ન્યૂઝ ફર્સ્ટ ડોટ કોમ'(વિજાણુ પત્રિકા) માં શ્રી. મુસાબ ઇકબાલ 'રીડિંગ ધ વાયોલન્સ ઇન આસામઃ હીયર એન્ડ ધેર' (આસામ હિંસાનું અર્થઘટનઃ આ તરફ અને પેલી તરફ) શીર્ષક હેઠળના લેખમાં લખે છે કે, ''ઉત્તર-પૂર્વના ઇતિહાસ અને રાજનીતિની જાણકારી ધરાવનાર સમજે છે કે, હિન્દુ-મુસ્લિમ વચ્ચેની હિંસાનું આ કોઇ સીધુંસાદું ગણિત નથી, પરંતુ આદિજાતિની ઓળખ અને જાતિના આધારે જમીન તથા સંસાધનો ઉપર કબ્જો જમાવવા માટે લાંબા સમયથી ચાલતો ગજગ્રાહ છે. આ હિંસા ઇતિહાસની પેદાશ છે, નહીં કે કોઇની ધર્મ શ્રદ્ધાની પેદાશ''.
- એ જ લેખમાં આગળ વધતાં તેઓ શ્રી નીલીમ દત્તાનું મંતવ્ય નોંધે છે, ''મૂળ પૂર્વ બંગાળનો વસાહતી મુસ્લીમ સમુદાય, જે દાયકાઓથી અધિકૃત(કાનૂની રીતે) આસામમાં આવી વસેલો છે, અને જે ગેરકાનૂની વસાહતીઓ નથી જ, તેને ચતુરાઇપૂર્વક સરહદ પારના તેમનાં સહધર્મીઓમાં ખપાવવાની આ શેતાની ચાલબાજી છે''.

- એ જ લેખમાં શ્રી મિહિર શર્માનું મંતવ્ય આ પ્રમાણે છે. "2012ની વસ્તી ગણતરીની હકીકત આ દાવાઓ(બાંગ્લાદેશી ઘૂસણખોરોના)થી તદ્દન વિપરીત તથ્ય પૂરવાર કરે છે. કોકરાઝાર જિલ્લામાં 1971થી આજ સુધીનો મુસ્લીમ વસ્તી વૃદ્ધિ દર રાષ્ટ્રીયસ્તરના સરેરાશ મુસ્લીમ વૃદ્ધિદર કરતાં ઘણો નીચે છે, આથી એ વૃદ્ધિદર સ્વાભાવિક લાગે છે. 1971થી આજ સુધી, બાંગ્લાદેશ સાથે જોડાયેલા જિલ્લાઓનો સમગ્રતયા વસ્તીવૃદ્ધિ દર અરૂણાચલના બાંગ્લાદેશની સરહદ સાથે જોડાયેલાં વિસ્તારોં કરતાં પણ ઓછો છે. આ આંકડા પૂરવાર કરે છે કે, બંગાલી ભાષા બોલતાં મુસ્લીમોનો મોટો જનસમુદાય 1971 પહેલાંથી ત્યાં મોજૂદ છે -અને તેમને લગભગ બે દાયકા અગાઉ 'આસામ કરાર' અંતર્ગત આસામના નાગરિક જાહેર કરી દેવાયાં છે".

આ તમામ મંતવ્યો, તથ્યો બી.ટી.એ.ડી.માં પ્રવર્તમાન હિંસા પાછળ 'બાંગ્લાદેશી ઘૂસણખોરોનો હાથ' હોવાની કુટીલ રાજનીતિનો છેદ ઉડાડે છે અને ઈંગિત કરે છે કે, એની પાછળ આસામનો ઈતિહાસ અને રાજનીતિ જવાબદાર છે. 25 ઓગસ્ટ, 2012ના 'ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વિકલી'ના અંકમાં સિલચર, આસામ યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના અધ્યાપક શ્રી સૂર્યશિક્ષા પાઠક પોતાના લેખ 'એથનિક વાયોલન્સ ઈન બોડોલેન્ડ'(બોડોલેન્ડમાં જાતિગત હિંસા)માં આસામના આ ઈતિહાસ અને રાજનિતીનો ખુલાસો કરતાં જણાવે છે કેઃ

- "ઉત્તર-પૂર્વના ભારતમાં જનભાવનાઓ (જનતાને) સંચારિત કરવા માટેના ચાવીરૂપ મુદ્દા છે -જાતિગતતા અને ઓળખ. હાંસિયાકૃત થતા રહેવાનો આ વિસ્તારનો ઈતિહાસ ઘણો લાંબો છે. ભારતના રાષ્ટ્રરાજ્યમાં એના સમાવેશ સામે ત્યાંના જાતિગત સમુદાયોએ ગંભીર પ્રશ્નાર્થો ઉભા કર્યાં હતા, અને એમની ઓળખની રાજનીતિએ પ્રતિરોધની રાજનીતિને આકારિત કરી હતી. પરિણામે સત્તા માટેનો સંઘર્ષ- બંને પ્રકારની સત્તા, રાજનૈતિક અને આર્થિક- લોહિયાળ બની ગયો. આસામની હાલની હિંસા પાછળ શું છે? આદિજાતિઓને સ્વાયત્તતાના આધિકારો આપાવતી બંધારણની છઠ્ઠી અનુસૂચિની નિષ્ફળતા, જમીન અને સંસાધનો માટેની હુંસાતુંસી, વિકાસની ઉણપ અને સત્તાવિહોણાં નાનાં જૂથોનો ડર, શાસક વર્ગની ચૂંટણીલક્ષી રાજનીતિ જાળમાં ગૂંચવાયેલી આ તમામ વાસ્તવિકતાઓ છે".
- શ્રી સૂર્યશિક્ષા પાઠક એ જ અભ્યાસ લેખમાં 'લેન્ડ એન્ડ હોમલેન્ડ' ની રાજનીતિ(ભૂમિ અને જન્મભૂમિ) શીર્ષક હેઠળ જણાવે છે કે, "(બોડોલેન્ડનો)વર્તમાન હિંસાનો ઘટનાક્રમ જમીનના સવાલોની આસપાસ ઘૂમરાઈ રહ્યો છે, આ હકીકત વિશે હવે સર્વસ્વીકૃતિ બની ચૂકી છે. બી.જે.પી. અને બી.પી.એફ(બોડો પીપલ્સ ફ્રન્ટ) બાંગ્લાદેશી ઘૂસણખોરોના નામે કાગારોળ કરી રહ્યાં છે અને કોંગ્રેસ જમીનના મુદા ઉપર ભાર આપી રહી છે. આ રીતે બંને પક્ષો ભૂમિ અને જન્મભૂમિના મુદ્દાઓ ઉપર સ્વીકૃતિની મહોર મારી રહ્યાં છે. પરંતુ આ બંને મુદ્દા આંતરિક રીતે પરસ્પર સંકળાયેલા છે. જન્મભૂમિ એટલે સમુદાયના મૂળઆધાર સમું

કાલ્પનિક સ્થળ અને ભૂમિ(જમીન) એટલે સંસાધન, અસ્તિત્વ ટકાવવા માટેની રોજગારી માટેનું સાધન. આ બંને ખ્યાલો એક બીજાની વિરુદ્ધના નથી. બી.ટી.સી. (બોડો ટેરિટોરિયલ કાઉન્સીલ)ના વિસ્તારોમાં જન્મભૂમિની કાલ્પનિક ભૂમિનું રૂપાંતર સ્વાયત્ત બોડો સત્તાને આધીન વિસ્તારમાં કરી દેવાયું છે. ભારતના બંધારણની પાંચમી અને છઠ્ઠી અનુસૂચિના આધારે આવું રૂપાંતર દેશના બીજાં પ્રદેશોમાં પણ કરાયું છે. બોડોલેન્ડના વિસ્તારોએ અગાઉ પણ જમીન અને સંસાધનો સંબંધિત ઘર્ષણો અનુભવ્યા છે.

આદિજાતિ સમુદાયોના વિશિષ્ટ(આગવી) જન્મભૂમિ ઉપરના દાવાઓ, જમીન ઉપરના આગવા અધિકાર અને જમીન ઉપરના આગવા નિયંત્રણ સાથે ગાઢ રીતે જોડાયેલાં હોય છે. જમીનથી અલગાવના તેમજ આદિવાસી વિસ્તારોની જમીનો બિનઆદિવાસીઓ પાસે જવાનાં મુદાઓ વિશે વીસમી સદીના શરૂઆતના દાયકાઓથી વિવાદો શરૂ થઇ ચૂક્યાં છે. આસામ અને ઉત્તર-પૂર્વના ભારતમાં (બ્રિટિશર્સ)ના સાંસ્થાનિક હસ્તક્ષેપને કારણે ભૂમિ સંબંધો, જમીન માલિકીની તરાહો તેમજ જનસંખ્યાના માળખામાં રૂપાંતરો(પરિવર્તનો) થવા માંડયા હતા. બ્રહ્મપુત્ર ખીણ વિસ્તારમાં સંસ્થાનવાદી શાસને વ્યવસ્થિત પ્રક્રિયાઓ દ્વારા આદિવાસીઓને હાંસિયાકૃત અને સંપત્તિવિહોણા બનાવી દીધાં. 1920થી આ વિસ્તારના આદિવાસી ખેડૂતોએ પોતાની જમીનો ઉચ્ચવર્ણનાં હિન્દુ ખેડૂતો અને પૂર્વ બંગાળના સ્થળાંતરિત ખેડૂતોના હાથમાં જતી જોઇ હતી''.

બોડોલેન્ડના આ વિસ્તારોમાં 1920 પહેલાં પણ ખેતી માટે આસપાસનાં રાજ્યોમાંથી આદિવાસીઓ, મુસ્લીમોના સ્થળાંતરો થવા શરૂ થઇ ચૂક્યાં હતા. ઓગણીસમી સદીના ત્રીજા દાયકાથી અંગ્રેજોએ આ વિસ્તારમાં ચાના બગીચાઓ બનાવવાનું શરૂ કર્યું ત્યારથી પણ શ્રમજીવીઓનું આ વિસ્તારોમાં સ્થળાંતર અને વસાવટ શરૂ કરાયાં હતાં. 31 ઓગસ્ટ, 2012ના 'ડાઉન ટુ અર્થ'ના 'વૈમનસ્યની ભૂમિ' (લેન્ડ ઓફ ડિસ્કોર્ડ) લેખમાં 'બોડોલેન્ડ પર આક્રમણો(બોડોલેન્ડ ઇન્કરઝન્સ)ના શીર્ષક હેઠળ શ્રી અરનબ પ્રતિમ દત્તા નોંધે છે કે:

''છેક 1765મો, હાલના બી.ટી.એ.ડી.નાં કેટલાંક જિલ્લાઓ પૂર્વ બંગાળ(હાલનો બાંગ્લાદેશ)ના અવિભાજીત ગોલપુરા જિલ્લામાં હતા અને ત્યાં બ્રિટિશર્સનું શાસન હતું.

બોડો વિસ્તારોમાં સ્થળાંતરિતોનું નિયિમત આગમન(આક્રમણ), આસામ રાજ્યના તે સમયના અહોમ રાજાના શાસન સાથેના 1826ના કરાર દ્વારા બ્રિટીશ શાસનની શરૂઆત બાદ તરત જ શરૂ થયું હતું. બ્રિટીશર્સે આ વિસ્તારમાં કબ્જો જમાવ્યા પછી લગભગ દસ વર્ષે વ્યાપારી ધોરણે ચાના બગીચાઓ વિકાસાવવાનું શરૂ કર્યું. તેમણે જંગલ જમીનના વિશાળ પટ્ટાઓ ચાના બગીચાઓમાં ફેરવવાનો વિચાર કર્યો. પરંતુ એ માટેના મજૂરોની ત્યાં તંગી હતી. 1817 થી 1826 દરમિયાનના બર્મા સાથેના અનેક યુદ્ધોને કારણે આસામની વસ્તી ખાસી આછી થઇ ગઇ હતી. બ્રિટીશરોએ આસપાસનાં છોટાનાગપુર અને પૂર્વ ભારતના અન્ય વિસ્તારોમાંથી મજૂરોને અહીં લાવવાનું નક્કી

કર્યું. ચા બગીચાના મજૂરો સાથે આવેલ અન્ય લોકોએ ત્યાં ખેતી કરવા માંડી અને છેવટે સૌ ત્યાં વસી ગયાં. તે તમામ મોટેભાગે આદિવાસી તરીકે ઓળખાયાં. આ રીતે બોડોલેન્ડના વિસ્તારોમાં આર્થિક વિકાસની અને સ્થળાંતરિત શ્રમજીવી સમુદાયોના આગમન અને વસાવટની પ્રક્રિયાઓ શરૂ થઇ. ચાના બગીચાઓ પછી સ્થળાંતરીતોનું આગમન ઉત્તરોત્તર વધવા માંડ્યું. 1891 પછી બ્રિટીશ સરકારે અન્ન ઉત્પાદન વધારવા અને પોતાની રેવન્યૂ આવક વધારવા આ વિસ્તારોમાં સ્થળાંતર માટે આસપાસનાં લોકોને પ્રોસ્તાહિત કરવા માંડ્યા. 1901 પછી પૂર્વ બંગાળમાંથી ખેડૂતો આસામમાં આવવા માંડયા.

આ સમગ્ર ઇતિહાસ ઉપર નજર નાંખતાં સ્પષ્ટ સમજાય છે કે, આજના આસામમાં મૂળ આસામી નિવાસીઓ ખૂબ ઓછાં અને હાંસિયાકૃત હાલતમાં છે. મોટાભાગે આજના આસામમાં અનેક જાતિ સમુદાયો(જેમાં આદિજાતિઓનો પણ સમાવેશ થાય છે) સ્થળાંતરિત થઇને આવ્યાં છે અને વસી ગયાં છે. એમાં બોડો સમુદાય અને બંગાળી મુસ્લીમો -બંનેનો સમાવેશ થાય છે. એમનાં સ્થળાંતરો બ્રિટીશર્સની સાંસ્થાનિક આર્થિક નીતિઓનું પરિણામ છે. આ આર્થિક વિકાસ અને સ્થળાંતરોને કારણે ત્યાંની મૂળ પ્રજાતિઓને લઇને અને સાંસ્કૃતિક ભિન્નતાઓને લઇને તણાવો અને તંગદિલી ક્રમશઃ વધતી ગઇ હતી. તેમાં વળી 1930 પછી, બીજા વિશ્વયુદ્ધના ભણકારા અને વૈશ્વીક મહામંદીના સમયે ઉત્તર-પૂર્વના રાજ્યોને બ્રિટીશરોએ ભારત સાથે જોડી દીધાં. આ ઘટનાએ ત્યાંની જનતામાં એક નવા જ પ્રકારનો રાષ્ટ્રિયતાનો આક્રોશ પેદા કરવાની જમીન તૈયાર કરી. આ રાજ્યો કદી રાજકીય કે સાંસ્કૃતિક રીતે ભારત સાથે સંકળાયેલા હતા જ નહીં. સામંતીયુગમાં તેમના સંબંધો બર્મા, ભૂતાન, નેપાળ અને ચીન સાથે વધુ ગાઢ હતાં. માત્ર સાંસ્કૃતિક અને રાજકીય રીતે જ નહીં, આર્થિક રીતે પણ.

1947માં ભારતની સ્વતંત્રતા અને ભાગલા સમયે બ્રિટીશર્સે જે રીતે ભારત-પાકિસ્તાનના વિભાજનના નકશા આડેધડ તૈયાર કર્યાં એને કારણે ઉત્તર-પૂર્વમાં અલગ રાષ્ટ્રની ભાવના આગ બનીને ભભૂકવા માંડી. પછીના તરતનાં સમયમાં જ ત્યાં 'અલગ અસામ'ની રાષ્ટ્રીયતાનું આંદોલન શરૂ થયું. વીસમી સદીમાં ત્યાં ખનીજ તેલ મળી આવવાને કારણે તથા કુદરતી સંસાધનોનો ખજાનો ત્યાં હોવાને કારણે ભારત સરકારે કાળા કાયદાઓ (જેમાં લશ્કરને અબાધિત સત્તા આપતા 'આર્મ ફોર્સિસ સ્પેશલ પાવર એક્ટ'નો પણ સમાવેશ થાય છે), કુટિલ રાજનીતિ અને લશ્કરની મદદથી એ આંદોલનને કચડવા માટેની કવાયત શરૂ કરી. એ આંદોલનમાં ઉત્તર-પૂર્વના સેંકડો લડવૈયાઓ શહીદ થયાં અને હજારો નિર્દોષ પ્રજાજનો પણ ખુવાર થઇ ગયાં. પણ છેવટે ભારત સરકાર આંદોલનને ખતમ કરવામાં સફળ થઇ.

બોડોલેન્ડની વર્તમાન હિંસા અને એના મૂળમાં રહેલ જટિલતાઓને સમજવા માટે સાંસ્થાનિક સમયથી શરૂ થયેલ આ પ્રદેશના આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક ઇતિહાસની આટલી ઝલક મેળવવી જરૂરી છે. કેમ કે, દરેક સાંસ્કૃતિક તંગદિલી, હિંસાના મૂળમાં હોય છે -તે પ્રદેશ / વિસ્તારની આર્થિક વ્યવસ્થા, એ વ્યવસ્થાએ સર્જેલા વર્ગીય સંબંધો, અને એ વ્યવસ્થાએ પોતાની સલામતી તેમજ વિકાસ માટે અમલમાં આણેલ રાજકીય માળખું અને તેની નીતિ-રીતિઓ.

બોડોલેન્ડના વર્તમાન ઘટનાક્રમ પાછળ જવાબદાર છે -બોડો સમુદાય દ્વારા 1980 પછી શરૂ કરાયેલ જાતિગતતા (એથેનીસીટી), ઓળખ(આઇડેન્ટીટી) અને હુકૂમત હેઠળનો વિસ્તાર(ટેરિટરી) માટેના ઉગ્ર અને સશસ્ત્ર આંદોલનો. ઐતિહાસિક રીતે બ્રિટીશ શસાનકાળથી શરૂ કરીને સ્વતંત્રતા પછી પણ બોડો સમુદાય હાંસિયાકૃત સ્થિતિમાં જ રહ્યો હતો. તેઓ આસામી રાષ્ટ્રીયતાના જ ભાગ બની રહ્યા હતા. અને બ્રિટીશ શાસનના સમયથી તેઓ આસામના અન્ય સમુદાયોને પોતાના દુશ્મન તરીકે જોઇ રહ્યા હતાં. જમીનથી અલગાવ અને સામાજિક, આર્થિક પછાતપણાની પોતાની સ્થિતિ માટે તેઓ આસામના ઉચ્ચવર્ણના સમુદાયોને જવાબદાર માનતા હતા. આ તમામ સ્થિતિ અને ભાવનાઓને કારણે આસામ ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવા શરૂ થયું બોડો આંદોલન. અલગ રાજ્ય માટે આસામમાં શરૂ થયેલ આંદોલનમાં બોડો સમુદાય પણ સામેલ હતો. 1985માં આસામ કરાર થયાં. પરંતુ 1987 સુધીમાં બોડો સમુદાયની અન્યાયની લાગણી તીવ્ર થવાં માંડી. 1987માં તેમણે આસામના પચાસ-પચાસ ટકા ભાગલા કરવાની માંગણી સાથે હિંસક આંદોલનની શરૂઆત કરી. તેમણે રસ્તાઓ, પુલો, રેલ્વે, નિશાળો, સરકારી કચેરીઓ ઉપર સશસ્ત્ર હુમલા શુરૂ કર્યા. સાથોસાથ બોડો સમુદાયનું વર્ચસ્વ ધરાવતાં વિસ્તારોમાં વસતાં અન્ય સમુદાયો (જેમાં અન્ય આદિજાતિઓ તથા આસામી અને બંગાળી મુસ્લીમોનો પણ સમાવેશ થતો હતો) ઉપર પણ હુમલા કરવા માંડયા. આ બધું એ.બી.એસ.યુ.(ઓલ બોડો સ્ટુડન્ટસ યુનિયન)ની આગેવાની નીચે થઇ રહ્યું હતું. છેવટે આસામ સરકાર અને કેન્દ્ર સરકારે એ.બી.એસ.યુ. સાથે 1993માં સૌ પ્રથમ ‘બોડો કરાર’ કર્યો. જેમાં બી.એ.સી.(બોડો ઓટોનોમસ કાઉન્સિલ)ની રચના કરવાની સમજૂતી થઇ. પરંતુ બોડો શાસિત પ્રદેશનો કોઇ નકશો સ્પષ્ટ નહોતો થયો. પરિણામે સંઘર્ષ વધુને વધુ ઉગ્ર બનવા માંડયો. 1996 સુધીમાં તેઓ ‘અલગ બોડો રાજ્ય’ની માંગણી કરવા માંડયા. 1993ના કરાર પછી અસ્તિત્વમાં આવેલ બે સશસ્ત્ર બોડો જૂથોએ -બી.એલ.ટી.(બોડો લિબરેશન ટાઇગર્સ) અને એન.ડી.એફ.બી. (નેશનલ ડોમોક્રટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ) સ્વતંત્ર બોડો રાજય માટેનું આંદોલન વધુ જલદ બનાવ્યું. છેવટે 1999માં બી.એલ.ટી. જૂથે શસ્ત્રો હેઠાં મૂકીને સરકાર સાથે વાટાઘાટોનો માર્ગ અપનાવ્યો. 2003માં બંધારણની છઠ્ઠી અનુસચિના આધારે સરકારે બી.એલ.ટી. સાથે કરાર કર્યો. જેમાં બોડો બહુમતિ ધરાવતાં વિસ્તારો ઉપર બી.ટી.સી.ના શાસનને સ્વીકૃતિ મળી. પરંતુ આ વિસ્તારોના વિકાસ અને બોડો સિવાયની અન્ય આદિજાતિઓ સાથેના સંકલનનાં અભાવે બી.ટી.સી. વિસ્તારોમાં સંઘર્ષનો અંત હજુ સુધી નથી આવ્યો.

1993 ના બોડો કરાર બાદ તરત જ 1994માં બોડો સશસ્ત્ર દળોએ 'બાંગ્લાદેશી'-બંગાળી ભાષા બોલતાં મુસ્લીમ સમુદાય ઉપર હુમલા કરેલ. જેમાં 1000 મુસ્લીમ શ્રમજીવીઓને બારપેટામાં રહેંસી નાંખેલ. એ હિંસાની અસરો આસપાસના બોંગાઇગાંવ, કોકરાઝાર અને ધૂબ્રી સુધી પહોંચેલ 1994-95 માં એમણે બંગાળી હિન્દુઓ ઉપર હુમલા કર્યા અને 1996 માં 'મૂળિનવાસી' અને 'બહારના' ના મુદાને લઇને બ્રિટીશશાસન દરમિયાન અહીં આવીને સ્થાયી થયેલ સાંથાલ(આદિજાતિ) સમુદાય ઉપર પણ હુમલા શરૂ કર્યા. બોડો-સંથાલો વચ્ચેનો એ સંઘર્ષ(રમખાણો)1998 સુધી ચાલ્યો. જેમાં હજારો ગરીબો-શ્રમજીવીઓ 'આંતરિક વિસ્થાપિત' બનીને 2002 સુધી રાહત છાવણીઓમાં રહ્યા અને આજ સુધી તેઓ પોતાનાં ગામોમાં પરત નથી જઇ શક્યાં.

2002માં બી.એલ.ટી. એ સરકાર સાથે શાંતિમંત્રણા શરૂ કરેલ ત્યારે મંત્રણા વિરોધી જૂથ એન.ડી.એફ.બી દ્વારા બી.એલ.ટી. કેડર ઉપર હુમલા કરાયેલ. તેમણે કોંચ રાજવંશી(આદિજાતિ)સમુદાય ઉપર પણ સશસ્ત્ર હુમલા કરેલ. 2003 માં બી.ટી.સી. ની રચના બાદ પણ એ જૂથ પ્રત્યાઘાતી હુમલા કરતું રહ્યું. 2010માં ભારતીય સંરક્ષણ દળ દ્વારા એક બોડોની હત્યા થતાં એ જૂથે નોન-બોડો(મુખ્યત્વે હિન્દીભાષી)સમુદાયો ઉપર મોટેપાયે આક્રમણ કર્યું હતું.

છેલ્લાં ત્રણ દાયકાના બોડો આંદોલનના આ હિંસક અને લોહિયાળ ઇતિહાસ ઉપર અછડતી નજર નાંખતા સ્પષ્ટ થાય છે કે, વર્તમાન બી.ટી.એ.ડી. ના હિંસક ઘટનક્રમ પાછળનાં કારણો અત્યંત જટિલ અને સંકુલ છે. એને સાંપ્રદાયિકતા કે ઘૂસણખોર બાંગ્લાદેશીઓના હુમલા તરીકે ખપાવતો ભારતનો શાસક વર્ગ અને મુખ્યધારાનો નાગરિક સમાજ, દેશની અને ખાસ કરીને આસામ અને ઉત્તર-પૂર્વની જનતા સાથે ચાલાકીભરી રાજરમત રમી રહ્યો છે.

----XXXX----

29-9-2012

## આર્થિક, રાજકીય વ્યવસ્થા અને સાંસ્કૃતિક સંકટનો લોહીઝાણ વાસ્તવઃ બોડો લેન્ડ

**(ભાગ -2)**

માર્ચના અંતિમ સપ્તાહ દરમિયાન સમાચાર માધ્યમો મારફત મળી રહેલ પશ્ચિમ આસામના કોકરાઝાર જિલ્લામાં ફાટી નીકળેલ રમખાણો વિશેનાં સમાચારો નિસ્બત ધરાવતાં નાગરિકો, કર્મશીલો માટે બેચેન બનાવી દેનાર હતાં. વળી ગુજરાત -2002ના જનસંહારની જેમ માધ્યમો

રમખાણગ્રસ્ત સ્થળો ઉપર મોજૂદ રહીને સમાચારો નહોતા આપતાં. તેઓ મુખ્યત્વે શાસક વર્ગની રાજનીતિના ઘોષ-પ્રતિઘોષ પ્રસારિત કરી રહ્યા હતા. રમખાણો મુસ્લીમ અને બોડો સમુદાયો વચ્ચે હતા, એટલું સમજાતું હતું, પરંતુ શા કારણે એ નહોતું સમજાતું. બીજી તરફ હિંસા, રમખાણો રોજેરોજ વધુ ઉગ્ર અને વિસ્તૃત થતાં હતાં. શરૂઆતના દસેક દિવસમાં જ એ સમગ્ર બોડોલેન્ડમાં પ્રસરી ચૂક્યા હતા. લગભગ ચાર લાખથી વધુ અસરગસ્તો રાહત કેમ્પમાં ખડકાઇ ચૂક્યા હતાં. બી.જે.પી. અને બી.ટી.સી. (બોડો ટેરોટોરિયલ કાઉન્સીલ)ના નેતાઓ 'ઘૂસણખોર બાંગ્લાદેશીઓ' દ્વારા આચરાઇ રહેલી હિંસાના હોકારા-પડકારા કરી રહ્યા હતા. દેશના તદ્દન સામા છેડે વસતા અમારા જેવાં કર્મશીલોની મુંઝવણ અને ચિંતા વધી રહી હતી. વળી 1985થી ગુજરાતને 'સાંસ્કૃતિક ફાસીવાદની પ્રયોગશાળા' બનાવી આજ સુધી શાસક વર્ગના જે પરિબળો 'રાષ્ટ્રવાદ' અને 'સાંપ્રદાયિક ફાસીવાદ'ના જે હિંસક અને આતંકિત કરનારા પ્રયોગો સફળતાપૂર્વક કરી રહ્યાં છે, એમનાં નિવેદનો ઉપર સ્વાભાવિક રીતે જ અમને રત્તિભાર પણ ભરોસો નહોતો. ગુજરાતના સામાજિક-સાંસ્કૃતિક માહોલમાં ન્યાય અને શાંતિના પ્રચાર, પ્રસાર, જાગૃતિ માટે 2010માં અમે છ સ્વૈચ્છિક સંગઠનોએ 'એલાયન્સ ફોર પીસ એન્ડ જસ્ટીસ' નામના પ્લેટફોર્મની સ્થાપના કરી હતી. આ એલાયન્સમાં સેન્ટર ફોર ડેવલપમેન્ટ(સી.એફ.ડી.), સફર, ઉત્થાન, સેન્ટ ઝેવિયર્સ સોશ્યલ સર્વિસ સોસાયટી, દર્શન અને આઇ.પી.એસ.સી.આર.(ઇન્સ્ટીઅયુટ ફોર પીસ સ્ટડીઝ એન્ડ કોન્ફલીક્ટ રેઝોલ્યૂશન્સ)(મુંબઇ)નો સમાવેશ થાય છે. અમે આ પ્લેટફોર્મ તરફથી એક પ્રતિનિધી મંડળ બનાવી આસામના હિંસાગ્રસ્ત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લેવાનું નક્કી કર્યું. મુલાકાતનો મુખ્ય હેતુ હતો, ત્યાંની હિંસાના કારણો સમજવાં, અસરગ્રસ્તોની પરિસ્થિતિનો અંદાજ મેળવવો. અમે ઓગસ્ટની 22થી 25(4 દિવસ)ની તારીખો નક્કી કરી. અમારા મંડળમાં મુંબઇની આઇ.પી.એસ.સી.આર સંસ્થાના સાથી શ્રી. ઇરફાન એન્જીનીયર પણ સામેલ હતા. તેઓ એ.આઇ.એસ.એફ. (ઓલ ઇન્ડિયા સેક્યુલર ફોરમ) ના પણ એક સ્થાપક સભ્ય છે. આસામમાં પણ એ ફોરમ સાથે કેટલાક કર્મશીલો બુદ્ધિજીવીઓ સક્રિય રીતે સંકળાયેલા છે. એ સ્થાનિક સાથીઓએ અને અમારા અન્ય સ્વૈચ્છિક સંગઠનો, માનવ અધિકાર આંદોલનો સાથે દેશભરમાં પથરાયેલાં સાથીઓએ અમને સ્થાનિક સંસ્થા, સંગઠનો, કર્મશીલો, બુદ્ધિજીવીઓના સંપર્ક ગોઠવી આપ્યા.

અમારી મુલાકાત પહેલાં જ, 7 અને 8 ઓગસ્ટ દરમિયાન ગુજરાત અને દેશના અન્ય વિસ્તારોમાં કાર્યરત સ્વૈચ્છિક સંગઠનો, કર્મશીલોનું એક પ્રતિનિધિ મંડળ 'પીસ એન્ડ સોલીડારિટી મિશન ટુ ધ કોન્ફલીક્ટ અફેક્ટેડ એરિયાઝ ઓફ વેસ્ટર્ન આસામ'ના નામે એ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઇ આવેલું. એમનાં નિરીક્ષણો, સૂચનોનો એક રિપોર્ટ અમને મળ્યો. જેને લીધે અમને વર્તમાન હિંસા પાછળની તત્કાળ ઘટનાઓ, રાહત છાવણીઓની હાલત વિશે માહિતી મળી. એમનો મુખ્ય હેતુ પ્રવર્તમાન હિંસાને નિયંત્રિત કરવા માટે તથા અસરગ્રસ્તોની સ્થિતિમાં સુધાર લાવવા   માટે સૂચનો

કરવાનો હતો. એમણે મુખ્ય પાંચ બાબતો વિશે સરકારને સૂચનો કર્યાં અને એ નાગરિક સમાજ સામે પણ મૂક્યાં.

૧. અસરગ્રસ્તોને રાહત અને પુનઃવસન.
૨. કાયદો અને વ્યવસ્થા(ન્યાય અને શાંતિ સંદર્ભે).
૩. કાનૂની કેસો અને અસરગ્રસ્તોને વળતર.
૪. અસરગ્રસ્તોને એમનાં ગામો / વિસ્તારોમાં પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો અને સામાન્ય સ્થિતિની પુનઃસ્થાપના.
૫. શાંતિ નિર્માણ માટેની પ્રક્રિયાઓ.

અલબત્ત, એ મિશનનો હેતુ બોડોલેન્ડની વર્તમાન ઘટનાઓ પાછળની જવાબદાર આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક જટિલતાઓને સમજવાનો નહોતો, આથી અમે અમારી મુલાકાત દરમિયાન એ જટિલતાઓનો આછોપાતળો અંદાજ મેળવવાનો પણ પ્રયાસ કર્યો.

સૌ પ્રથમ બોડોલેન્ડમાં ઘટી રહેલ વર્તમાન ઘટનાક્રમ પાછળની નિમિત્તરૂપ ઘટનાઓ ઉપર નજર નાંખીએ. 6 જુલાઈએ કોકરાઝારના અંથિહારા ખાતે ભૂતપૂર્વ બી.એલ.ટી.(બોડો લિબરેશન ટાઈગર્સ) ના સભ્યો દ્વારા બે મુસ્લીમ યુવાનોની હત્યા કરાઈ. એ હુમલામાં ત્રણ મુસ્લીમો ઘાયલ પણ થયા. આ અંગે દોતોન્તા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવાઈ. પરંતુ પોલીસ નિષ્ક્રિય રહી. ફરીથી 19 જુલાઈના રોજ કોકરાઝારના મગુરમરી ખાતે વધુ બે મુસ્લીમોની હત્યા થઈ. જેના પ્રત્યાઘાતરૂપે 20 જુલાઈએ ચાર બોડો યુવાનો(જેમાં એક ભૂતપૂર્વ બી.એલ.ટી. જૂથનો સભ્ય હતો. એક એન.ડી.એફ.બી. -નેશનલ ડેમોક્રટિક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડ- નો સભ્ય હતો. અને બે બી.પી.એફ. -બોડો પીપલ્સ ફ્રન્ટ- ના સભ્યો હતા)ની હત્યા થઈ. અને બીજા જ દિવસે ત્રણ મુસ્લીમોની હત્યા કરાઈ. 21 જુલાઈથી બી.ટી.એ.ડી. ના ચાર જિલ્લાઓમાં વડવાગ્નિની માફક હિંસા, આગજની, લૂંટફાટનો દોર પ્રસરવા માંડયો. શરૂઆતમાં તો બી.ટી.સી. (બોડો ટેરિટોરિયલ કાઉન્સીલ)ના નેતા શ્રી. હગરામા મોહિલરીએ એને સામાન્ય હિંસાની ઘટનાઓ ગણાવી. પરંતુ બી.જે.પી. નેતા શ્રી. એલ.કે. અડવાણીની આસામ મુલાકાત પછી એમણે અને બી.પી.એફ. (બોડો પીપલ્સ ફ્રન્ટ) -જે વર્તમાન આસામની કોંગ્રેસ સરકારમાં ભાગીદારી ધરાવતો બોડો સમુદાયનો રાજકીય પક્ષ છે- ના નેતાઓએ ‘બાંગ્લાદેશી ઘૂસણખોરો’ દ્વારા કરાતી હિંસાનો ઢોલ વગાડવા માંડયો. સમાચાર માધ્યમોએ પણ એ જ ચર્ચાઓની આગમાં ઘી હોમવાનું શરૂ કર્યું અને ચાલુ રાખ્યું. સત્તાધારી કોંગ્રેસ પાર્ટી લાંબા સમય સુધી અગનખેલ જોતી રહી. એણે મિલિટરી બોલાવવામાં પણ અક્ષમ્ય વિલંબ કર્યો. લાગે છે કે, એની પાછળ એની રાજનૈતિક ગણતરીઓ હતી. બી.પી.એફ. એની સરકારની ભાગીદાર પાર્ટી છે. 2011ની ચૂટણીઓમાં કોંગ્રેસ સૌથી વધુ સીટો જીતનાર પક્ષ હતો, પરંતુ તેની પાસે સ્પષ્ટ બહુમતી ન હતી. બીજા નંબરે 18 સીટ જીતનારી લઘુમતી મુસ્લીમ સમુદાયની પાર્ટી એ.આઈ.યુ.ડી.એફ.(ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક

ફ્રન્ટ)હતી અને ત્રીજા નંબરે બી.પી.એફ. કોંગ્રેસે બહુમતિ માટે બી.પી.એફ. સાથે જોડાણ કર્યું, એ.આઇ.યુ.ડી.એફ. સાથે નહીં. કેમ કે, 2003ના બી.એલ.ટી. સાથેના કરાર બાદ બી.ટી.એ.ડી. ના ચાર જિલ્લા અસ્તિત્વમાં આવ્યાં અને એમાં બી.ટી.સી. ને સ્વાયત્ત સત્તા સોંપાઇ. એ ચાર જિલ્લામાં બોડો સમુદાયની બહુમતિ નથી, એમની વસ્તી ત્રીજા ભાગ જેટલી જ છે. પરિણામે મુસ્લીમ સમુદાયે 2005માં પશ્ચિમ આસામમાં એ.આઇ.યુ.ડી.એફ. પાર્ટી અસ્તિત્વમાં આણી. જેણે 2006ની ચૂંટણીઓમાં દસ સીટ જીતી અને 2011માં 18. પરંપરાગત રીતે કોંગ્રેસની 'વોટબેન્ક' રહેલા મુસ્લીમ સમુદાયની 'વોટીંગ પેટર્ન'માં આ નવા પક્ષે ભંગાણ સર્જ્યુ. પશ્ચિમ આસામના કોંગ્રેસના જનાધારમાં મોટી ઓટ આવી. કહેવાય છે કે, આ કારણસર કોંગ્રેસે બી.પી.એફ.ને ભાગીદાર બનાવી આસામમાં સત્તા મેળવી. મુખ્યત્વે આ રાજકીય ગણિતને કારણે કોંગ્રેસ સરકારે વર્તમાન હિંસા સામે લાંબા સમય સુધી આંખમિંચામણાં કર્યા.

મોડે મોડે મિલિટરી બોલાવ્યા પછી અમારી મુલાકાતના આગલા દિવસે(21, ઓગસ્ટે) કોંગ્રેસ સરકારે બી.પી.એફ.ના એક ધારાસભ્યની હિંસા માટે જવાબદાર ગણી ધરપકડ કરી. જેના જવાબરૂપે બી.ટી.સી. એ બી.ટી.એ.ડી.ના વિસ્તારોમાં બંધનું એલાન આપ્યું. પરિણામે અમારે મુલાકાતનો એક દિવસ લંબાવવો પડયો. કેમ કે, બોડો સમુદાયના ઉગ્રવાદી સશસ્ત્ર જૂથો આજે પણ સક્રિય છે. અમને જણાવાયું કે, બંધના કોલ પછી એ વિસ્તારમાં પોલીસ સંરક્ષણ સાથે પણ જવું શક્ય નથી. ત્યાર પછી પણ અમે જ્યારે બોડો અસરગ્રસ્તોની રાહત છાવણીઓમાં ગયાં ત્યારે અમારે સ્થાનિક પોલીસની મદદ અને મંજૂરી સાથે જવું પડયું હતું.

ધૂબ્રી અને કોકરાઝાર જિલ્લાના છ રાહત કેમ્પ્સની અમે મુલાકાત લીધી. ગામડાંની બે-ત્રણ ઓરડાની નિશાળોમાં બનેલાં કેમ્પ્સમાં સેંકડો પરિવારો બદતર હાલતમાં રહેતા હતા. લગભગ દરેક કેમ્પમાં ત્રણ-ચાર કામચલાઉ ટોયલેટ્સ મૂકાયા હતા. પીવાના પાણી માટે એક પ્લાસ્ટીકની ટાંકી હતી. એકાદ હેન્ડપમ્પ પણ મોજૂદ હતો. અસરગ્રસ્તોને મોટેભાગે સરકાર તરફથી રાશન દર ત્રણ દિવસે માપસર મળતું હતું. કેટલાંક કેમ્પ્સમાં દિવસ દરમિયાન સરકારી ડોક્ટર હાજર રહેતા હતા અને એ જ રીતે કેટલાક કેમ્પ્સમાં સરંક્ષણ માટે બે-ત્રણ પોલિસ જવાનો પણ મોજૂદ હતા. બંને સમુદાયોના કેમ્પ્સમાં સૌથી મોટો ફરક અસરગ્રસ્તોની ગીચતાનો હતો. મુસ્લીમ અસરગ્રસ્તોના કેમ્પસમાં હજારો પીડિતો હતા અને બોડો કેમ્પ્સમાં સેંકડો. અલબત્ત, બંને સમુદાયના કેમ્પ્સમાં ગરીબો, શ્રમજીવીઓ જ હતા. બોડો છાવણીઓમાં અસરગ્રસ્તોનું કહેવું હતું કે, શરૂઆતમાં ત્રણ-ચાર હજાર લોકો હતા, પણ ધીમે ધીમે ઘણાં પરિવારો ગામોમાં પરત ગયા હોવાથી હવે સાતસો-આઠસો લોકો જ રહ્યાં છે. જ્યારે મુસ્લીમ રાહત કેમ્પસમાં શરૂઆતથી રહેતાં દોઢ-બે હજારથી માંડીને ચારેક હજાર પીડિતોમાંથી ભાગ્યે જ કોઇ પરિવાર પોતાના ગામ પરત કરી શક્યું હતું. ડર, આતંક અને આક્રોશનું પ્રમાણ બંને સમુદાયોના કેમ્પ્સમાં હતું. અસલામતીનું પ્રમાણ મુસ્લીમ

કેમ્પ્સમાં વધુ હતું. તેમનું કહેવું હતું કે, હવે અમે કોઇપણ સંજોગોમાં કદી ગામમાં પરત નહીં જઇએ. અમારા ઘર-બાર, ઢોરઢાંખર બધું તો ખતમ થઇ ગયું છે., અમુક પરિવારોની થોડી જમીનો છે, પણ 1993થી આજ સુધી વારંવાર અમારા પર જે રીતે હુમલા થઇ રહ્યા છે- એ અનુભવે હવે અમે એ ગામોમાં પાછાં નહીં જ જઇએ. જ્યારે બોડો કેમ્પ્સમાં લોકોનું કહેવું હતું કે, સરકાર અમને સલામતીની ખાતરી આપે તો અમે ગામમાં પાછા ફરી નવેસરથી વસવાટ શરૂ કરીશું.

રાહત કેમ્પસમાં સરકાર સિવાય નાગરિક સમાજ તરફથી કોઇ જ પ્રકારની રાહત સામગ્રી પહોંચી નહોતી. બોડો છાવણીઓમાં વિવેકાનંદ કેન્દ્રો દ્વારા થોડીઘણી રાહત અપાઇ હતી. એક બોડો કેમ્પમાં અમારી મુલાકાત દરમિયાન પ્લાસ્ટીકની ડોલ, સાબુ, ટૂથપેસ્ટ જેવી સામગ્રીની કીટસ અસરગ્રસ્તોને એક આંતર્રાષ્ટ્રીય સ્વૈચ્છિક સંગઠન દ્વારા અપાઇ રહી હતી. એ સંસ્થાના કાર્યકર સાથે વાત કરતાં જાણવા મળ્યું કે, તેઓ શક્ય એટલાં તમામ કેમ્સમાં આ રાહત સામગ્રી પહોંચાડવાનાં છે. સ્વાભાવિક રીતે જ રાહત કેમ્પસની અને અસરગ્રસ્તોની સ્થિતિ જોતાં આપણને સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતર્રાષ્ટ્રીય નાગરિક સમાજના માનવતાવિહોણા વર્તાવ વિશે સવાલ થાય. 2002ના ગુજરાત જનસંહાર સમયના કેમ્પ્સમાં આપણે સરકારનું માનવતાવિહોણું વર્તન જોયું હતું, પરંતુ નાગરિક સમાજના મુઠ્ઠીભર હિસ્સાની સંવેદનશીલતા પણ જોઇ અને અનુભવી હતી.

મુસ્લીમ રાહત કેમ્પસના અસરગ્રસ્તોએ પોતાનાં ઉપર થયેલ હુમાલાનું વર્ણન અમારી સમક્ષ આ રીતે કર્યું. બહારના લોકોનું આઠસો-હજારનું ટોળું હુમલો લઇને આવ્યું. એ ટોળાની પાછળ 8-10 યુવાનો એ.કે.47થી સજ્જ થઇને આવતાં. મોટાભાગે રાતના સમયે થયેલ હુમલા વખતે અમે ડરીને ભાગવા માંડયા. અમારા જંગલમાં ભાગી જવા પછી ટોળાએ લૂંટફાટ કરી અમારાં ઘરો સળગાવી દીધાં અને ઢોર-ઢાંખરની કતલ કરી નાંખી. ગોળી વાગીને મરનારાંની સંખ્યા કોઇ ગામમાં ત્રણ-ચારથી વધુ નહોતી. બોડો અસરગ્રસ્તો ઉપર પણ હુમલો બહારથી આવેલાં ટોળાઓએ કર્યો હતો, અને એમના નાસી છૂટ્યાં પછી એમના ઘરોમાં લૂંટફાટ કરી સળગાવી દેવાયેલ. બોડો સમુદાય ઉપર હુમલો કરનાર પાસે કોઇ આધુનિક હથિયારો નહોતાં. અમુક અસરગ્રસ્તોનું કહેવું હતું કે, એમણે બંદૂકના ધડાકા સાંભળેલા, પરંતુ એ હુમલાઓમાં કોઇનું મરણ નહોતું થયું. એક બોડો કેમ્પમાં અમને એવું પણ સાંભળવા મળ્યું કે, બાંગ્લાદેશથી હોડીઓમાં આવીને ટોળાએ હુમલો કર્યો.

આ બંને પ્રકારના વર્ણનો પરથી એક હકીકત સ્પષ્ટ થતી હતી કે, બોડો હુમલાખોરોની પાછળ સંગઠિત, સશસ્ત્ર બોડો જૂથની ઉશ્કેરણી અને પીઠબળ હતું. જ્યારે મુસ્લીમ ટોળાં અસંગઠિત હતાં અને મુખ્યત્વે એમના હુમલા પ્રત્યાઘાત સ્વરૂપના હતા. અગાઉના લેખમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે વર્તમાન હિંસાનો ઘટનાક્રમ મહદઅંશે બી.ટી.એ.ડી.ના જિલ્લાઓમાં જ પ્રસરેલો હતો, અને એ વિસ્તારોમાં બી.ટી.સી.ની સ્વાયત્ત સત્તા હોવાના કારણે ત્યાંના વહીવટી તંત્ર, પોલીસ તંત્ર ઉપર

બી.ટી.સી.નું ખાસ્સું વર્ચસ્વ છે. વળી 1980થી શરૂ થયેલ આસામ આંદોલન અને ત્યારબાદ અસ્તિત્વમાં આવેલ સશસ્ત્ર બોડો સંગઠનો અને એમનાં સશસ્ત્ર હુમલાઓને કારણે અન્ય આદિજાતિ તેમજ લઘુમતિ જૂથો, સંગઠનો પાસે પારાવાર ગેરકાનૂની હથિયારો આજે પણ મોજૂદ છે. આજે પણ ભૂમિગત સશસ્ત્ર બોડો સંગઠનો (એન.ડી.એફ.બી.) તથા 1999માં હથિયારો છોડીને સ્વાયત્ત સત્તા માટે સરકાર સાથે વાટાઘાટો કરનાર બી.એલ.ટી.ના કેટલાંક સભ્યો પાસે આધુનિક હથિયારો છે, અને આથી જ મુસ્લીમ રાહત છાવણીનાં અસરગ્રસ્તોના વર્ણનમાં તથ્ય વધુ જણાય છે.

રાહત કેમ્પ્સની મુલાકાતો દરમિયાન એક અનુભવે અમને ભારતીય સૈન્યની તટસ્થતા અંગે પણ વિચારતાં કરી દીધા. અમે ધૂબ્રી જિલ્લાના એક મુસ્લીમ કેમ્પમાંથી બાજુના કોકરાઝાર જિલ્લાના એક બોડો કેમ્પ્સમાં જઇ રહ્યા હતા. બંને જિલ્લાની સરદહ ઉપરથી પસાર થતાં રસ્તામાં બે મુસ્લીમ પરિવારોના અલગથલગ ઘર આવ્યાં. માહિતી મળી કે, એ બે ભાઇઓના પરિવારોના ઘર છે. જેમાંના એક પરિવારના જુવાન દીકરાને બે દિવસ પહેલાં જ એ બાજુમાંની નદીમાં માછલી પકડવા ગયેલો ત્યારે નદીના સામા કિનારેથી બોડો યુવાનોએ ગોળીઓથી વીંધી નાંખ્યો. બીજા પરિવારના જુવાન દીકરાને પણ થોડા દિવસ અગાઉ એ જ રીતે નદીકાંઠે વીંધી નખાયો હતો. અમે એ પરિવારો સાથે વાતચીત કરતા હતા ત્યાં બે જીપમાં મિલિટરીએ આવીને અમને રીતસર ઘેરી લીધાં. એમના અધિકારીએ અમારા વિશે, અમારી મુલાકાતના હેતુઓ વિશે પૂછપરછ કરી. પછી એમણે અમને પરિવારજનોથી દૂર લઇ જઇ જણાવ્યું કે, એ છોકરાઓ નદી કિનારે બોડો યુવતિઓની છેડછાડ કરતા હતા, એમાં એમનાં મોત થયાં, ઘડીભર માટે માની પણ લઇએ કે, જુવાન છોકરાંઓ છેડતી કરતાં હશે, પણ શું એની સજા બંદૂકની ગોળીઓ? અને એ પણ પ્રજાતાંત્રિક ભારતમાં? પણ ત્યાં, એ હિંસા અને આતંકના વાતાવરણમાં મિલિટરી સાથે જીભાજોડી કરવી નિરર્થક હતી. વળી ત્યાંના બંને પરિવારો પણ શોકગ્રસ્ત હતા. અમે ચૂપચાપ કોકરાઝાર પહોંચ્યા.

આસામના નાગરિક સમાજ ઉપર દૃષ્ટિપાત કરીએ તો, મુલાકાત દરમિયાન અમને સમજાયું કે, ત્યાં માનવઅધિકાના આંદોલનો જાતિગત આધિકારોમાં વિભાજીત થઇ ચૂકેલ છે. હિંસાની શરૂઆતના એક મહિના પછી પણ ત્યાં અસરગ્રસ્તોના ન્યાય માટે કોઇ વ્યવસ્થિત હિલચાલ શરૂ જ નહોતી થઇ. સરકાર સાથે છૂટાછવાયા નાગરિક પ્રતિનિધિ મંડળોએ એકાદ-બે મુલાકાતોમાં કેટલીક જરૂરી માંગણીઓ વિશે રજૂઆતો કરી હતી, પરંતુ એમાં એકમતી કે સંકલનનો અભાવ હતો. એકાદ રજૂઆત સમયે તો નાગરિક પ્રતિનિધિઓ વચ્ચે જ ઉગ્ર વિરોધની સ્થિતિ ઊભી થઇ હતી. બિન મુસ્લીમ કર્મશીલો, બુદ્ધિજીવીઓ, સંગઠનોની મુખ્ય માંગણી એ હતી કે, ગેરકાનૂની રીતે વસતાં બાંગ્લાદેશીઓ સામે સખ્ત કારવાઇ કરો, આ માંગણી સાથે ગાંધીવાદી કાર્યકરો, તેમજ બોડો ઉપરાંત અન્ય આદિજાતિઓના બુદ્ધિજીવાઓ પણ સંમત હતા. બીજી તરફ મુસ્લીમ બુદ્ધિજીવીઓ, કર્મશીલોની મુખ્ય માંગણી હતી-ગેરકાનૂની શસ્ત્રો સરકાર કબ્જે કરે. ચર્ચ શાંતિ ઇચ્છતું હતું, પરંતુ

એમની મજબૂરી એ હતી કે, તેઓના સંપર્કો કેવળ બોડો અને અન્ય આદિજાતિના સમુદાયો સાથે જ છે. મૂળ આસામી બુદ્ધિજીવીઓનો આક્રોશ ભારતીય રાજ્ય દ્વારા ઉત્તર-પૂર્વ અને ખાસ કરીને આસામની થઈ રહેલી ઉપેક્ષા અંગેનો અને આર્મ ફોર્સીસ સ્પેશલ પાવર એક્ટ જેવાં કાળાં કાયદા અને સૈન્યના અત્યાચારો અંગેનો હતો. વર્તમાન હિંસાના વાતાવરણમાં હસ્તક્ષેપ કરવાની તેમની ખાસ તૈયારી લાગી નહીં.

મુસ્લીમ બુદ્ધિજીવીઓ, કર્મશીલો(જેમાં મૂળ આસામી અને બંગાળી બંને પ્રકારના મુસ્લીમોનો સમાવેશ થાય છે) માં મુખ્ય ડર એ હતો કે, 1983ના મીરી હત્યાકાંડથી માંડીને આજ સુધી જે રીતે આસામમાં મુસ્લીમો મરાતાં-લૂંટાતાં રહ્યાં છે, એ પછી હવે તેઓ મુસ્લીમ રૂઢિવાદી અને કટ્ટરવાદી પરિબળો તરફ ઢળવા માંડશે તો આવનારો સમય એ સમુદાય માટે જ આત્મઘાતી નીવડશે. ત્યાં હજુ મુસ્લીમ રૂઢિવાદી સંગઠનો ખાસ પગ નથી જમાવી શક્યા, પરંતુ મોટાભાગનો સમુદાય શ્રમજીવી, ગરીબ અને નિરક્ષર છે. એમની પાસે અસ્તિત્વ ટકાવવાનો આધાર શું? આ બૌદ્ધિકો, કર્મશીલો છૂટાછવાયાં અને અટૂલા છે, હવે એમણે એકબીજા સાથે સંકલન સાધવાનું શરૂ કર્યું છે. પરંતું એમની ઓછી સંખ્યા અને સંસાધનોને અભાવે તેમની મથામણો અત્યંત સીમિત સ્વરૂપની છે. અમારી મુલાકાતના અંતિમ દિવસે એમણે ગુવાહાટીના એક સભાગૃહમાં તમામ સંવેદનશીલ નાગરિકો તથા અસરગ્રસ્તોના પ્રતિનિધિઓની સંકલન સભા રાખી હતી. પરંતુ ટૂંકી હાજરી દરમિયાન અમે સભાગૃહની બંને તરફ-મંચ અને પ્રેક્ષાગારમાં માત્ર મુસ્લીમ સમુદાયના સાઠ-સિત્તેર નિસ્બત ધરાવતા નાગરિકો ને જ ઊપસ્થિત જોયાં.

મુસ્લીમ બુદ્ધિજીવીઓ, કર્મશીલો સાથેની અમારી અલગ મુલાકાતો દરિમયાન અમને બે ઓછી જાણીતી અને ચોંકાવનારી હકીકતો જાણવા મળી. અગાઉના લેખમાં આપણે જોયું એમ, ઓગણીસમી સદીના બ્રિટીશકાળથી પૂર્વબંગાળના મુસ્લીમ અને હિન્દુ સમુદાયોનું આસામમાં આગમન અને વસવાટ શરૂ થયા હતા. આઝાદી સમયે બ્રિટીશર્સ દ્વારા આડેધડ દેશના ભાગલાનો નક્શો તૈયાર કરાયો. પરિણામે લગભગ બે લાખ જેટલાં પૂર્વ બંગાળીઓ ભારતના નાગરિક છે કે પૂર્વ પાકિસ્તાનના એનો વિવાદ ઊભો થયો. એમાં દોઢ લાખથી વધુ મુસ્લીમ નાગરિકો હતા અને બાકીનાં  હિન્દુ. એ શંકાસ્પદ નાગરિકોને પૂર્વ પાકિસ્તાન ધકેલી દેવાયાં. ત્યાં પણ એ નાગરિકો શંકાસ્પદ જ બની રહ્યા. છેવટે 1956માં નહેરૂ-લિયાકત કરાર પછી એમને ભારતમાં પરત લવાયા. આને કારણે 1951ની આસામની વસ્તીગણતરી અને 1961ની વસ્તીગણતરીના આંકડામાં, આસામના મુસ્લીમોની વસ્તીમાં ઉછાળ આવ્યો. વળી 1957માં આસામી રાષ્ટ્રીયતાના આંદોલનને ભારત સરકારે 1960 સુધીમાં કચડી નાંખ્યું. આ બંને વાસ્તવનો લાભ ઉઠાવી દેશના રાષ્ટ્રવાદી સાંપ્રદાયિક પરિબળો(મુખ્યત્વે આર. એસ.એસ. સાથી સંગઠનો અને અન્ય જૂથો, રાજકીય પક્ષો)એ આસામમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોનો વિવાદ શરૂ કરી દીધો. કેમ કે, આ

વિવાદમાં સાંપ્રદાયિકતા અને રાષ્ટ્રવાદ બંનેનો સુમેળ હતો અને એ ભાગલા સમયની અંધાધૂંધીમાંથી ઉભરેલો હતો. વળી આસામી રાષ્ટ્રીયતાના આંદોલનને સંપૂર્ણપણે દબાવી દેવા માટે પણ ઉપયોગી હતો.

1961 પછી વિવાદ વધુ વકરવા માંડયો. મુખ્યત્વે બંગાળી મુસ્લીમો પાછા પૂર્વ પાકિસ્તાન જવા માંડયા. શ્રી. ફખરુદ્દીન અલી અહેમદ(જેઓ પછીથી દેશના રાષ્ટ્રપતિ બન્યા હતા)ની આગેવાની નીચે એક જૂથે આ શંકાસ્પદ નાગરિકોના સ્થળાંતરને અટકાવવાના પ્રયાસો કર્યા. આસામ અને કેન્દ્ર સરકારો સામે રજૂઆતો કરી આ સમસ્યાનો કાયમી હલ લાવવા માટે પણ પ્રયાસો શરૂ કર્યા. આ પ્રક્રિયા ચાલુ હતી એ દરમિયાન પૂર્વપાકિસ્તાનમાં બાંગ્લાદેશ મુક્તિ આંદોલન શરૂ થયું અને 1971માં બાંગ્લાદેશ સ્વતંત્ર દેશ બન્યો. આ અફરાતફરીમાં શંકાસ્પદ નાગરિકોનો મુદ્દો થોડા સમય માટે અટવાઇ ગયો.

1980માં વિદ્યાર્થીઓ-યુવાનો દ્વારા આસામ ગણ પરિષદની આગેવાની નીચે 'આસામ આંદોલન' શરૂ થયું. મુખ્યત્વે પોતાને મૂળ આસામી માનતા સમુદાયોના આંદોલનમાં બંગાળીઓનો વિરોધ પણ એક મહત્વનો મુદ્દો હતો. એ સમુદાયો માનતા હતા કે, બંગાળીઓ બહારના છે અને આસામીઓનું આર્થિક અને રાજકીય રીતે શોષણ કરી રહ્યાં છે. આસામ આંદોલન સફળ થયું અને 1985માં આસામ ગણ પરિષદે રાજય સરકારની કમાન સંભાળી. તરત જ શંકાસ્પદ નાગરિકો સામે કારવાઇ શુરૂ થઇ. 33 લાખ નાગરિકોને શંકાસ્પદ નાગરિકો ઘોષિત કરાયાં. એમનો મતાધિકાર છીનવી લેવાની હિલચાલ શરૂ થઇ. 1985ના આસામ કરાર મુજબ 1951 ના નેશનલ રજીસ્ટ્રેશન ઓફ સિટીઝન્સમાં નોંધાયેલ નાગરિકોની વિગતો એકઠી કરવી શરૂ કરાઇ. 1950ની મતદારયાદીથી શરૂ કરીને 1971(25 માર્ચ) સુધીની મતદાર યાદીમાં સમાવિષ્ટ મતદારોને અધિકૃત નાગરિક માની અન્ય નાગરિકોને શંકાસ્પદ નાગરિક જાહેર કરાયા. અધિકૃત નાગરિકોની ચકાસણી માટે બે સ્થળે પાયલટ પ્રોજેક્ટ શરૂ કરાયાં. બારપેટા જિલ્લાના બારપેટામાં અને કામરૂપ જિલ્લાના ચાયગાંવમાં. નાગરિકો પાસે 1951, 1966, 1971ની મતદાર યાદીઓમાં તેઓ સમાવિષ્ટ હોય તો તેનાં દસ્તાવેજી પુરાવાઓ સરકારને આપવા આદેશ અપાયો. આ પ્રોજેક્ટ ભારતીય નાગરિકોને બાંગ્લાદેશી પૂરવાર કરવા માટેનો છે -એવી લાગણી ઊભી થતાં એનો એ.એ.એમ.એસ.યુ. (ઓલ આસામ મુસ્લીમ સ્ટુડન્ટ્સ યુનિયન) દ્વારા વિરોધ શરૂ થયો. વિરોધ ઊગ્ર બનતો ગયો અને એ હિંસક અથડામણમાં પરિણમ્યો. અંતે એ પ્રોજેક્ટ પડતો મૂકાયો.

ફરીથી 1996માં એ.જી.પી.(આસામ ગણ પરિષદ) સત્તા પર આવતાં તેણે શંકાસ્પદ નાગરિકોની ચકાસણી માટે આસામ ટ્રિબ્યુનલની રચના કરી. શંકાસ્પદ નાગરિકોની સામે અદાલતી કાર્યવાહી શરૂ કરાઇ. આ કાર્યવાહીમાં ભારતીય નાગરિક તરીકે શંકાસ્પદોએ આવશ્યક પુરાવાઓ રજૂ

કરવાનાં હોય છે. આ અદાલતી કાર્યવાહી અત્યંત લાંબી ચાલતી હોય છે. જો અદાલતી કાર્યવાહીની ત્રણ મુદતોમાં શંકાસ્પદ નાગરિક હાજર ન થાય તો આપોઆપ તે ડી-વોટર જાહેર થઇ જાય છે અને તેને આસામમાં બનાવાયેલ ડીટેન્શન કેમ્પ્સમાં મોકલી દેવાય છે. શંકાસ્પદ નાગરિકોનો મતાધિકાર છીનવી લેવાય છે -તેમને સસ્પેન્ડેડ વોટર જાહેર કરી કાર્યવાહી કરાય છે. આજે પણ લગભગ બે લાખ સસ્પેન્ડેડ વોટર્સ આસામમાં છે અને તેમાં મહુદ્અંશે બંગાળી મુસ્લીમો છે. કેટલાંક કાર્યકરો સાથેની વાતચીત દરમિયાન અમને જાણવા મળ્યું કે, એક જ પરિવારમાં તમને વોટર અને ડીવોટર બંને પ્રકારના સભ્યો મળી શકે. આ સમગ્ર વિવાદને લઇને આસામના મુસ્લીમ સમુદાયમાં અસંતોષ અને રોષની લાગણી પ્રવર્તે છે.

આસામના મુખ્યમંત્રી શ્રી તરૂણ ગોગોઇ સાથેના અમારી મુલાકાત દરમિયાન એટલું સ્પષ્ટ થયું કેઃ

૧. અસરગ્રસ્તોના પુનર્વસન અંગે સરકારે હજુ વિચાર કરવો બાકી છે.
૨. આસામમાં ગેરકાનૂની શસ્ત્રો કબ્જે કરવાનું કામ અત્યંત મુશ્કેલ છે.
૩. રાહત છાવણીઓની સ્થિતી ગુજરાતની રાહત છાવણીઓ કરતાં સારી છે.
૪. બાંગ્લાદેશીઓ ભારતના ક્યા રાજ્યમાં નથી?

મુખ્યમંત્રીશ્રીના આ મતલબના નિવેદનોમાંથી નકરા રાજકરણની બૂ આવતી હતી. વર્તમાન હિંસાને કાબૂમાં લેવાની તથા અસરગ્રસ્તોને પુનઃવસિત કરવાની કે ન્યાય અપાવવાની જવાબદારી લેવાને બદલે તેઓ માત્ર પોતાની સત્તા સલામત રાખવાની રમત જ રમી રહ્યા હતા.

એક સાંસ્કૃતિક કર્મશીલ તરીકે બોડોલેન્ડના પ્રવર્તમાન ઘટનાક્રમને સમજવા માટેની પાંચ દિવસની આ મુલાકાતના અંતે મને સ્પષ્ટ રીતે સમજાયું કે -વર્તમાન સાંસ્કૃતિક સંકટના મૂળ અત્યંત જટિલ છે અને તે મૂડીવાદી વ્યવસ્થાના ઇતિહાસ તથા વર્તમાનમાં અને સંસ્થાનવાદી રાજ્યવ્યવસ્થા તથા વર્તમાન પ્રજાતાંત્રિક રાજ્યવ્યવસ્થામાં ઊંડે સુધી ખૂંપેલા છે. એનો ઉકેલ આસાન નથી અને અશક્ય પણ નથી. જાતિગત સર્વોપરિતા, સાંપ્રદાયિકતા અને પ્રાદેશિક ગૌરવ જેવાં મુદ્દાઓને લઇને થતી હિંસાનો ભોગ સામાન્ય રીતે ગરીબ, શ્રમજીવી સમુદાયો જ બનતાં હોય છે અને એ જ સમુદાયો એ હિંસાનું હથિયાર પણ બનતાં હોય છે. જો એ સમુદાયોમાં વર્ગીય ચેતનાની ચિનગારી પેટવવામાં અને પ્રસરવામાં આવે તો જરૂર તેમની સંકુચિત ઓળખોની સંસ્કૃતિને વ્યાપક વર્ગીય અને માનવતાવાદી સંસ્કૃતિ તરફ વાળી શકાય. અલબત્ત, આજે આપણને વર્ગીય અને માનવતાવાદી સંસ્કૃતિકર્મીઓની કમી દેખાય છેઃ પરંતુ વર્તમાન સાંસ્કૃતિક સંકટનો કાયમી ઉકેલ આ સિવાય કોઇપણ રીતે સંભવ નથી. આપણે નક્કર સાંસ્કૃતિક પરિવર્તન ત્યારે જ લાવી શકીશું જ્યારે વર્તમાન અર્થવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આણીશું.

છેલ્લાં ત્રણેક દાયકાથી આપણા દેશમાં વકરતા જતા સાંસ્કૃતિક સંકટો અને હિંસાને કારણે નાગરિક સમાજમાં શાંતિ અને ન્યાય માટે ઝઝૂમતો એક નાનકડો સમુદાય જરૂર અસ્તિત્વમાં આવ્યો છે. એ સમુદાયે શાંતિ, ન્યાય અને માનવતા માટેની મથામણોમાં વર્ગીય ચેતનાનું પરિમાણ ઉમેરવાની જરૂર છે. કેમ કે, ગરીબ, શ્રમજીવી સમુદાયોને સંગઠિત કરવા માટે એ જ એકમાત્ર કારગર રસ્તો છે અને સંકુચિત, ભાગલાવાદી સાંસ્કૃતિક પરિબળોને નાબૂદ કરવા માટે ગરીબો, શ્રમજીવીઓના મજબૂત સંગઠનો -જે સમાનતા, સ્વતંત્રતા, બંધુત્વ/ભગિનીત્વ તથા ન્યાયના સાંસ્કૃતિક સિદ્ધાંતોને વરેલાં હોય, એની આપણને તાતી જરૂરત છે.

આસામ અને ઉત્તર-પૂર્વના રાજ્યો સંદર્ભે તો અગાઉના લેખની શરૂઆતમાં નોંધ્યા પ્રમાણે ભારતીય બંધારણમાં સ્વીકૃત રાષ્ટ્રરાજ્યની વ્યાખ્યા તથા તેના સંઘીય સ્વરૂપ વિશે પણ વ્યાપક ચર્ચા-વિચારણાઓ કરવાની જરૂર છે. છેલ્લાં ચારેક દાયકાથી આપણો નાગરિકસમાજ શાસક વર્ગ સામે મુખ્યત્વે પ્રતિભાવની અને મુદ્દાઓ આધારિત રાજનીતિ કરતો આવ્યો છે. અને એમાં ઘણેભાગે સફળતાઓ પણ મેળવતો રહ્યો છે. કટોકટી વિરોધી આંદોલન, મિસા, પાસા જેવાં કાળાંકાયદા વિરોધી આંદોલનો, મૂડીપતિઓ અને સરકારની મિલીભગત દ્વારા કુદરતી સંસાધનો ઉપરનાં આક્રમણોના વિરોધના આંદોલનો, 1984ના દિલ્હી જનસંહાર અને 2002ના ગુજરાત જનસંહાર વિરોધી આંદોલનો, ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનો, આ તમામ પ્રતિભાવના અને મુદ્દા આધારિત આંદોલનો હતા, અને છે. એમણે અર્થવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થાની આદિમતાને પ્રમાણમાં નિયંત્રિત કરવામાં થોડીઘણી સફળતા જરૂર મેળવી છે. પરંતુ આપણે હજુ સ્થાપિત અર્થવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થાઓના અન્યાયી, ભેદભાવપૂર્ણ અને માનવતાવિરોધી પાયાઓ વિશે સવાલો ઊઠાવવાની રાજનીતિની જમીન તૈયાર નથી કરી શક્યા. ઘણીવાર લાગે છે કે, આપણા નાગરિક સમાજ પાસે વર્તમાન સ્થાપિત વ્યવસ્થાઓના વિકલ્પો નથી, અથવા તો છે તો એ વિકલ્પોને જનતાની વચ્ચે લઇ જવાની રણનીતિઓ નથી. આ ઉણપો દૂર કરીને હવે આપણે વર્તમાન વ્યવસ્થાઓ સામે સંઘર્ષ અને નવનચનાની સમાંતર રાજનીતિ શરૂ કરવાની જરૂર છે.

અંતે -આ લેખ પૂરો કરતા પહેલાં બોડોલેન્ડમાં શાંતિ અને ન્યાય માટે મથતા કર્મશીલ સાથીને તાજી સ્થિતિ વિશે ફોન પર પૂછપરછ કરી તો માહિતી મળી કે, અસરગ્રસ્તોના પુનઃવસન અને ન્યાયના સવાલો પાછળ ધકેલાઇ ગયાં છે અને છેલ્લાં થોડા સમયથી ત્યાં કોઇને કોઇ જૂથ, સંગઠન, રાજકીય પાર્ટી બાંગ્લાદેશીઓને હાંકી કાઢવા માટે સરઘસો, રેલીઓ, કાઢીને ઘૂમી રહ્યાં છે. શું ગણીશું આને? કરૂણતા કે પડકાર?

**- હિરેન ગાંધી**
darshan.org@gmail.com 2, October, 2012.

*(આ બંને લેખો માટે ઉપયોગમાં લેવાયે સંદર્ભ સામગ્રી)*

૧. 'આસામ કીલીંગ્સ' -તંત્રીલેખ, ઇ.પી.ડબલ્યૂ. 4, ઓગસ્ટ, 2012.
૨. 'રાયોટ એન્ડ ધ બોગી ઓફ બાંગ્લાદેશીઝ' -બરાજીત હુસેન, ધ હિન્દુ, 8 ઓગસ્ટ,2012
૩. 'એથનિક વાયોલન્સ ઇન બોડોલેન્ડ' -સૂર્યશિક્ષા પાઠક, ઇ.પી.ડબલ્યૂ, 25,ઓગસ્ટ,2012
૪. 'રીડીંગ ધ વાયોલન્સ ઇન આસામઃ હીયર એન્ડ ધેર' -મુસાબ ઇકબાલ, ન્યૂઝ ફર્સ્ટ ડોટ કોમ 28, ઓગસ્ટ,2012
૫. 'લેન્ડ ઓફ ડિસ્કોર્ડ' -અરનબ પ્રતીમ દત્તા ડાઉન ટુ અર્થ 31, ઓગસ્ટ,2012.

★ નિરીક્ષક અંક 19-20 તારીખઃ 1, ઓક્ટોબર, 2012 અને 16,ઓક્ટોબર,2012 માં પ્રકાશિત.